RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૫૦૦ તા.૨૨–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ( વરાછા ઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ( કતારગામઝોન)
ડે.કમિશનર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૪– ૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમો અરજદારે આપશ્રી બી.આઈ.દલાલ એડી.સીટી ઈજનેર(સીવીલ)અને જાહેર માહિતી અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામઝોન) ને તા. ૨૧–૯–૧૧ ના રોજ આરટીઆઈ એકટ–૨૦૦૫ના નિયમ ૩(૧)ના નમૂના–'ક' મુજબની અરજી આઈ.ડી. નં.૩૬૦ કરેલ જે નમૂના–'ક' અરજીની નકલ આપવા વિનંતી છે વિ.મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૨–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૦૦/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૪–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમો અરજદારે આપશ્રી બી.આઈ.દલાલ એડી.સીટી ઈજનેર(સીવીલ)અને જાહેર માહિતી અધિકારીશ્રી નોર્થઝોન(કતારગામઝોન) ને તા. ૨૧–૯–૧૧ ના રોજ આરટીઆઈ એકટ–૨૦૦૫ના નિયમ ૩(૧)ના નમૂના–'ક' મુજબની અરજી આઈ.ડી. નં.૩૬૦ કરેલ જે નમૂના–'ક' અરજીની નકલ આપવા વિનંતી છે વિ.મુદ્દા નં. (૧)થી (૨)ની માહિતી આપવા બાબતે આપેલ માહિતી અસત્ય હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા ફી ભર્યા બાદ કલમ–૭(૩) હેઠળ યોગ્ય નકલ આપેલ છે કે કેમ ? નકલ સહ સ્પષ્ટતા તથા નોર્થઝોનને અરજદારના તા. ૨૫–૧૧–૧૧ના પત્રની નકલ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૭૪ તા.૩–૧–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ( વરાછા ઝોન) ,એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ( કતારગામઝોન) , ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) તથા અરજદારને ખોટી અને અસત્ય માહિતીના દાવા અંગે આધાર સહ સ્પષ્ટતા કરવા તથા સ્વયં કરેલ અરજીની નકલ તેમની કક્ષાએ હોવાનું અનુમાનિત છે જ તેમ છતાં ચોકકસ અરજી સુનિશ્ચિત કરવા માહિતીમાં માંગેલ બન્ને અરજીની ફી ભર્યાની વિગત અત્રે મોકલી આપવા જેથી તદનુસાર આગળની કાર્યવાહી હાથ ધરી શકાય તેવુ સૂચિત કરવા સાથે તેમણે તા. ૨૧–૦૯–૧૧ તથા તા. ૨૩–૦૯–૧૧ના રોજ આરટીઆઈની અરજી અન્વયે કોઈ ફી ભરેલ તારીખ હોય તો તેના રસીદ નંબર અને તારીખ પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના પત્ર નં.૭૧૨૩ તા.૧૬–૧–૧૨ થી નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૮૨ તા.૨૪–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર રાંદેર ઝોન, વરાછા ઝોન, કતારગામ ઝોન, ઉધનાઝોન તથા ડીનશ્રી સ્મીમેર હોસ્પીટલને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૦૯૪ તા.૨૧–૯–૧૧નો તબદીલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.એન.ઝેડ/આ./૫૪૩૬ તા.૧૪–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, અરજદારને પત્ર નં.એન.ઝેડ/ આઉટ/૫૬૬૫ તા.૨૩–૧૧–૧૧ થી અરજદારે નાણાં ભરેલ હોઈ નકલ પુરી પાડતા પત્રની નકલ, અરજદારને પત્ર નં.એન.ઝેડ/આ./૬૪૯૦ તા.૨૮–૧૨–૧૧ થી જાણ કરતા પત્ર સાથે વધુ વિગત માટે કચેરીનો સંપર્ક કરવા જણાવતા પત્રની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૦૦૧ તા.૨૪–૧–૧૨ થી તબદીલી પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ ૭૬૮ તા.૧૯–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, કલીનર કમલેશ કે. પટેલના લાયસન્સની નકલ, અરજદારને પત્ર મોકલ્યાની પહોંચની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી કોઈ પુરક વિગત અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી એન.ઝેડ/ઈન/ નં. તા.૨૦–૯–૧૧ની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી સ્મીમેર ના પત્ર નં.સ્મીમેર/આરટીઆઈ/૨૮૬૮ તા.૩–૧૧–૧૧ થી મુદ્દા નં.૧ માં ક્રમાંક ૨ ની વિગત માટે જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી કતારગામઝોને પત્ર નં.એન.ઝેડ/આ./૫૪૩૬ તા.૧૪–૧૧–૧૧ થી ફી ભરવા જણાવતા પત્રની નકલ, નકલ ફી રૂા.૬/– ભર્યાની રસીદની નકલ, જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી નકલ ફી રૂા.૬/– ભર્યા બાદ નકલ નં.૩ પુરી પાડયા અંગેના પત્રની નકલ, નકલ ફી રૂા.૨/– ભર્યાની રસીદની નકલ, જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૬૮ તા.૧૯–૧૧–૧૧ થી પુરી પાડવામાં આવેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૪–૧૦–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૩૮૨ તા.૨૪–૧૦–૧૧થી કાર્યપાલક ઈજનેર રાંદેર ઝોન, વરાછા ઝોન, કતારગામ ઝોન, ઉધનાઝોન તથા ડીનશ્રી સ્મીમેર હોસ્પીટલને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી સ્મીમેર ના પત્ર નં.સ્મીમેર/આરટીઆઈ/૨૬૬૮ તા.૩–૧૧–૧૧ થી મુદ્દા નં.૧ માં ક્રમાંક ૨ ની વિગત માટે જાહેર માહિતી અધિકારી વોચ એન્ડ વોર્ડને તબદીલ કરવામાં આવેલ.જે અંગે જાહેર માહિતી અધિકારી કતારગામઝોને પત્ર નં.એન.ઝેડ/આ./૫૪૩૬ તા.૧૪–૧૧–૧૧ થી સમય અવધિમાં માહિતી પુરી પાડેલ. જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોને પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૬૮ તા.૧૯–૧૧–૧૧ થી સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.(૧) (૧) સફાઈ કામદાર વરાછાઝોન ગામિત નટવરભાઈ હોળીયાભાઈ કર્મ.નં.૧૩૭૬ (૨) સફાઈ કામદાર સ્મીમેર હોસ્પીટલ ઢોડીયા રમેશકુમાર મહેશભાઈ કર્મ.નં.૩૨૩ (૩) કલીનર વેસ્ટઝોન પટેલ કમલેશ ખુશાલભાઈ કર્મ.નં.૧૯૯૯ (૪) સફાઈ કામદાર ઈસ્ટઝોન ખેર કલ્પેશભાઈ દયારામ કર્મ.નં.૧૬૯૬ (૫) કલીનર સા.ઝોન. બાબરીયા રાજેશકુમાર બાવનજી (સા.ઝોન) ૧૯૯૬ (૬) રાઠોડ ઈન્દ્રજીત રતિલાલ સફાઈ કામદાર સા.ઝોન. ૧૬૮૦૫ (૭) સોલંકી ભુપેન્દ્ર જેકીશનદાસ સફાઈકામદાર સા.ઝોન.કર્મ.નં.૧૯૨૭ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી મુદ્દા નં.૧(૩)માં વેસ્ટઝોન કલીનર પટેલ કમલેશભાઈ ની હેવી વ્હીકલ લાયસન્સની માહિતી નકલ દીઠ રૂા.૨/– પ્રમાણે કુલ રૂા.૨/– (અંકે રૂા. બે પુરા) નકલ ચાર્જીસ ભર્યેથી મળી શકશે. તેવુ જણાવેલ. જે મુજબ અરજદારે રસીદ નં.૯૨૮૫૩ તા.૨૫–૧૧–૧૧ થી નકલ ફી રૂા.૬/– ભરી માહિતી મેળવેલ જણાય છે.

મુદ્દા નં.(૨) અમો અરજદારે આપશ્રી બી.આઈ.દલાલ એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારીશ્રી નોર્થઝોન (કતારગામઝોન) ને તા. ૨૧–૯–૧૧ના રોજ આરટીઆઈ એકટ–૨૦૦૫ના નિયમ ૩(૧)ના નમૂના–'ક' મુજબની અરજી આઈ.ડી. નં.૩૬૦ કરેલ જે નમૂના–'ક' અરજીની નકલ આપવા વિનંતી છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી તા.૨૧–૯–૧૧ ના રોજ આઈડી નં.૩૬૦ થી નોર્થઝોન (કતારગામ) ખાતે નોંધાયેલ અરજીની નકલ મેળવવા નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ–૩ નકલનાં રૂા.૬/– ભરપાઈ કર્યેથી તેની નકલ આપવામાં આવશે. તેવુ જણાવેલ. જે મુજબ અરજદારે તા.૧૬–૧૧–૧૧ ના રોજ રૂા.૬/– (અંકે રૂપિયા છ પૂરા) દસ્તાવેજી ફી રસીદ નં.૯૨૩૭૪થી ભરપાઈ કરી માહિતી મેળવેલ જણાય છે.

મુદ્દા નં.(૩) અમો અરજદનારે આપશ્રી પી.આઈ.ઓ અને એડી.સીટી ઈજનેર પુર્વ (વરાછા) ઝોનને તા.૨૩–૯–૧૧ ના રોજ આરટીઆઈ એકટ –૨૦૦૫ ના નિયમ ૩(૧) ના નમુના 'ક' ની અરજી આઈ.ડી નં.૪૯૨ કરેલ જે નમુના 'ક' અરજીની નકલ આપવા વિનંતી છે. અત્રે અત્રે સૂચક છે કે અરજદારે કોઈ વિષય વસ્તુ સાથે તેમની અરજીની સપષ્ટ વિગતો આપી નકલની માંગણી કરેલ નથી આઈ ડી નંબર સરકારશ્રીના ૨૦૧૦ ના નિયમો હેઠળ અસ્તિત્વ ધરાવતા નથી.

જે અંગે અરજદારે આપેલ માહિતી અસત્ય હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના તા.૧૪–૧૧–૧૧ ના પત્રથી પાના નંગ–૩ નાં રૂા.૬/– ફી ભરવાનું જણાવેલ જે અમોએ તા.૧૬–૧૧–૧૧ ના રોજ ભરી દીધેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના તા.૨૩–૧૧–૧૧ ના રોજ કિન્નાખોરી રાખી માંગેલ માહિતીની અરજી આઈ.ડી. નં.૩૬૦ ની જગ્યાએ આઈ.ડી નં.૮૭૪ ની ફકત એકજ નકલ પાઠવેલ છે. અને ફી રૂા.૬/– ભરાવેલ છે. જે આરટીઆઈ એકટ–૨૦૦૫ ના નિયમ ૩(૧) ના નમુના 'ક' નો ભંગ કરેલ છે. અને રૂા.૪/– ફી પણ વધારે ભરાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના પત્ર નં. .એન.ઝેડ/ આઉટ/૫૬૬૫ તા.૨૩–૧૧–૧૧ થી નકલ ફીના નાણાં ભરપાઈ કરવામાં આવેલ હોય નકલ નં.૩ પુરી પાડેલ છે.

જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના તા.૧૯–૧૧–૧૧ ના પત્રનં.૭૮૬ થી નમુના ' ગ' થી નિયમ ૪(૧) થી રૂા.૨/– ફી માહિતીની નકલ માટે ભરવાનું જણાવેલ જે અમોએ તા.૨૮–૧૧–૧૧ ના રોજ રૂા.૨/– ફી ભરી દીધેલ પરંતુ આજ રોજ સુધી કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી. જે અંગે જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી પુરક માહિતીમાં નાણાં ભર્યેથી નકલ પુરી પાડયાની માહિતી રજુ કરેલ નથી. જેથી અરજદારને નકલ પુરી પાડવાની થાય. સદર માહિતી રાંદેર ઝોનને લાગતી જ ન હોવાં છતાં અમો અરજદાર સાથેની કિન્નાખોરીના લીધે અસત્ય માહિતીની નકલ અંગે ફી ભરાવેલ છે. જે માહિતીની નકલ તેમના ઝોનને લગતી ન હોવા છતાં આજે હરકત અમો અરજદારને ગેરમાર્ગે દોરવાનો કરેલ છે. જાહેર માહિતી અધિકારી (વરાછા) પુર્વઝોનના કાર્યક્ષેત્રની માહિતી હોવા છતાં હાથ પર હાથ મુકીને બેસી ગયા છે. તેવુ જણાવેલ. અરજદારને અત્રેના પત્રનં.આરટીઆઈ સેલ/ ૧ ૩૭૪ તા.૩–૧–૧૨ થી ખોટી અને અસત્ય માહિતીના દાવા અંગે આધાર સહ સ્પષ્ટતા કરવા તથા સ્વયં કરેલ અરજીની નકલ તેઓની કક્ષાએ હોવાનું અનુમાનિત છે જ તેમ છતાં ચોકકસ અરજી સુનિશ્ચિત કરવા માહિતીમાં માંગેલ બન્ને અરજીની ફી ભર્યાની વિગત અત્રે મોકલી આપવા જણાવેલ જેથી તદનુસાર આગળની કાર્યવાહી હાથ ધરી શકાય સાથે તેમણે તા. ૨૧–૦૯–૧૧ તથા તા. ૨૩–૦૯–૧૧ના રોજ આરટીઆઈની અરજી અન્વયે કોઈ ફી ભરેલ તારીખ હોય તો તેના રસીદ નંબર અને તારીખ પણ જણાવવા સૂચવેલ. જેના અનુસંધાને અરજદારે પુરક માહિતી માં દસ્તાવેજી નકલ અંગેની ફીના પુરાવા રજુ કરેલ પરંતુ તા. ૨૧–૦૯–૧૧ તથા તા. ૨૩–૦૯–૧૧ના રોજ આરટીઆઈની અરજી અન્વયે કોઈ ફી ભરેલ તારીખ હોય તો તેના રસીદ નંબર અને તારીખ જણાવેલ નથી. કે કોઈ પુરાવા રજુ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧૦–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પુરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન –૭ માં અરજદારને પુરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ( વરાછા ઝોન) ને જણાવવામાં આવે છે.''

અરજદાર તરફથી નકલ ફી ભરવા છતાં માહિતીની નકલ નં.૧ પ્રસ્તાવ અનુસાર પુરી પાડેલ ન હોઈ તે પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને જણાવવામાં આવે છે.

જયારે અરજદારની તા.૨૧–૯–૧૧ તથા ૨૩–૯–૧૧ ની અરજીની નકલના જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના પ્રત્યુત્તર અંગેની નારાજગી બાબતે અરજદારે મૂળ અરજીમાં નિર્દિષ્ટ તારીખ માત્ર ને આધારે વિષય વસ્તુ સ્પષ્ટ થતુ ન હોઈ જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨૮–૧૨–૧૧ ના પત્રથી રૂબરુ સંપર્ક કરી સ્પષ્ટતા કરી મેળવવા જણાવેલ હોઈ અરજદાર તે અંગે દિન–૭ ની અવધિમાં જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનનો કચેરી કામકાજ દરમ્યાન આગોતરો સમય મેળવી સ્પષ્ટતાસહ નકલ મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ( વરાછા ઝોન) / એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ( કતારગામઝોન) / ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર